## 1. 18મી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં મુઘલ સામ્રાજ્યના અંત બાદ તેની રાજકીય સ્થિતિનું વર્ણન કરો.

- ભારતનું મુઘલ સામ્રાજય તત્કાલીન વિશ્વના સૌથી મોટાં સામ્રાજયો પૈકીનું એક હતું. પરંતુ 18મી સદીના પૂર્વાર્ધમાં ખાસ કરીને ઔરંગઝેબના મૃત્યુ બાદ તે પતનોમુખ થયું. ઔરંગઝેબના મૃત્યુ પછી તેના ત્રણેય પુત્રો વચ્ચે વારસાવિગ્રહ ફાટી નીકળ્યો. છેવટે બહાદુરશાહ ગાદી પર આવ્યો. તે એક વિદ્વાન અને યોગ્ય રાજવી હતો. એટલું જ નહી પણ ઔરંગઝેબથી વિરુદ્ધ તેણે હિન્દુઓ સાથે સમાનતાપૂર્ણ વ્યવહાર કર્યો. રાજપૂતો સાથે પણ તેણે સારા સંબંધો બાંધ્યા હતા.
- જો કે રાજા જયસિંહ અને અજીતસિંહ સાથે તેમજ મરાઠા સરદારો સાથે તેની અવ્યવસ્થિત નીતિને કારણે તેમની સાથેના સંબંધો બગડ્યા. મુઘલ બાદશાહ બહાદુરશાહે શીખ ગુરુ ગોવિંદસિંહ સાથે પણ સુમેળભર્યા સંબંધો બાંધ્યા. ગોવિંદસિંહના મૃત્યુ બાદ બંદાબહાદુરે શીખોનું નેતૃત્વ લઈ બહાદુરશાહ વિરુદ્ધ વિદ્રોહ કર્યો. એટલું જ નહિ પણ સતલજ અને યમુના નદી વચ્ચેનો સમગ્ર પ્રદેશ પણ તેમણે કબજે કર્યો.
- બહાદુરશાહે બુંદેલા સરદાર છત્રશાલ સાથે મિત્રતા જાળવી રાખી, જો કે, બહાદુરશાહની શાસનવ્યવસ્થા કથળી રહી હતી. તેનું મૃત્યુ (ઈ.સ. 1712) થતા ફરીથી મુઘલ સામ્રાજય અંધાધુંધીમાં ફસાયું. પછીથી થયેલ ઉતરાધિકારના યુદ્ધમાં જહાંદરશાહની જીત થઈ. તેનો વજીર જુલ્ફીકાર મહત્ત્વાકાંક્ષી હતા. જો કે તેના સમયમાં રાજપૂતો સાથે પુનસંબંધો બંધાયા. જીલ્ફીકાર વિરુદ્ધ પણ ષડયંત્ર રચી ફખુંશીયર ગાદી મેળવવામાં સફળ (ઈ.સ. 1713) થયો. સૈયદબંધુઓએ તેની મદદ કરી. ફખુંશીયર પણ સક્ષમ ન હતો, તેના સમયમાં મુઘલ સામ્રાજય નિર્બળ બન્યું.
- ઈ.સ. 1719થી ઈ.સ. 1748 સુધીના લાંબા સમય સુધી ફર્ખેશીયર બાદ મોહમ્મદશાહે શાસન કર્યું. તે પણ નિર્બળ હોવાને કારણે ખાસ કરીને મરાઠા સરદારો, અવધ, બંગાળ અને પંજાબ પર પોતાનું આધિપત્ય જાળવી શક્યો નહી. તેના સમયમાં નાદિરશાહના આક્રમણે વધારે કફોડી સ્થિતિ ઊભી કરી. હવે (ઈ.સ. 1759) શાહઆલમ દ્વિતીય ગાદી પર આવ્યો. તે હિંમતવાળો અને યોગ્ય શાસક હતો. પરંતુ મુઘલ સામ્રાજયનો ઉદ્ધાર કરવો તેના માટે સંભવ ન હતો. અંગ્રેજો એ (ઈ.સ. 1757 અને 1764) બંગાળ પર મહત્ત્વપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હતો અને તે ક્રમશઃ દિલ્લી તરફ આગળ વધી રહ્યા હતા, અંતે (ઈ.સ. 1803) અંગ્રેજો એ દિલ્લી કબ્જ કર્યું. મુઘલ શાસનના આવા નિર્બળ ઉત્તરાધિકારીઓને કારણે ભારત બ્રિટિશસત્તાનું ભોગ બન્યું.

## 2. બંગાળમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પ્રવૃત્તિઓની ચર્ચા કરો.

- મુઘલ સામ્રાજય નિર્બળ થતાં (ઈ.સ. 1717) મુરશીદ કુલીખાંએ બંગાળમાં સુબેદારને બદલે સ્વતંત્રપણે શાસક બનવાનું નક્કી કર્યું. તેના સમયમાં બંગાળી જમીનદારોએ કરેલ વિગ્રહોને તેણે દબાવી દીધા. તેના મૃત્યુ બાદ તેનો જમાઈ શુઝા ઉદીન શાસન પર આવ્યો. જેણે (1739 સુધી) બંગાળ પર શાસન કર્યું. ત્યારબાદ તેનો પુત્ર સરફરાઝખાં ગાદી પર આવ્યો.
- પરંતુ એક જ વર્ષ બાદ તેને હટાવી અલીવર્દીખાં બંગાળનો નવાબ બન્યો. બંગાળમાં આ ત્રણેય નવાબોના સમયગાળા દરમિયાન શાંતિ અને વ્યવસ્થા સ્થપાયેલાં હતાં. તેમણે વેપાર અને વાણિજયનો વિકાસ કર્યો. તેણે નવી જ જમીન મહેસૂલ પદ્ધતિ ઊભી કરી મહત્ત્વપૂર્ણ કાર્યો કર્યા. આ ત્રણેય નવાબોએ હિંદુઓ અને મુસલમાનો બંનેને સમાન તક આપી, તેમણે વેપાર વાણિજયનો (ખાસ કરીને વિદેશ વ્યાપારનો) વિકાસ કરવા નદીમાગની સુરક્ષા કરી હતી. તેમણે અંગ્રેજો અને ફ્રેંચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને કલકત્તા અને ચંદ્રનગરમાં કારખાનાઓની

કિલ્લેબંધી કરવાની મનાઈ ફરમાવી . બંગાળના નવાબોએ શક્તિશાળી લશ્કર રાખવાનું બુદ્ધિમતાપૂર્ણ કાર્ય કર્યું ન હતું. પરિણામે તેના ઉત્તરાધિકારી સિરાજઉદદૌલાના સમયમાં પ્લાસીના યુદ્ધમાં (1757) ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ નવાબના લશ્કરને હરાવી ભારત પર પોતાનું શાસન સ્થાપી દીધું.

### 3. પંજાબમાં અંગ્રેજશીખ સંબંધો સ્પષ્ટ કરો.

- પંજાબમાં અંગ્રેજશીખ વચ્ચેના સંબંધો ખૂબ જ સારા કહી શકાય તે રીતના સંબંધો હતા. શીખગુરુ હરગોવિંદે શીખોને લડાયક બનાવવાનો પ્રયત્ન કર્યો. જે કાર્યને શીખોના 10માં ગુરુ ગોવિંદસિંહજીએ ખૂબ જ વેગ આપ્યો. ગુરુ ગોવિંદસિંહજીએ મુગલ બાદશાહ ઔરંગઝેબ વિરુદ્ધ અનેક યુદ્ધો કર્યા.
- ત્યારપછી બંદાબહાદુરે અને 18મી સદીના અંતમાં રણજીતસિંહ શીખ સામ્રાજયનો વિકાસ કર્યો. શીખોએ લાહોર અને અમૃતસર જીતીને સતલજ નદીના પશ્ચિમ વિસ્તારમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું . મુલતાન, કશ્મીર અને પેશાવર સુધી શીખ સામ્રાજયનો ફેલાવો થયો હતો. શીખ સામ્રાજયમાં યુરોપિયન ઢબે શક્તિશાળી લશકર હતું .
- કેટલાક યુરોપિયનો તેમના લશ્કરમાં અધિકારી તરીકે સેવા બજાવતાં હતાં. શીખો ધાર્મિક રીતે સહિષ્ણુતા તેઓએ અંગ્રેજો સાથે સારા સંબંધો સ્થાપિત કર્યા હતા. પરંત, રાજા રણજીતસિહજીના અવસાન પછી ગવર્નર જનરલ ડેલમાઉસીએ શીખ રાજયને બ્રિટિશ સામ્રાજયમાં સામેલ કરી દીધું.

### 4. અંગ્રેજમરાઠા સંબંધોનું વિશ્લેલણ કરો.

- મરાઠા સામ્રાજયનો પાયો છત્રપતિ શિવાજીએ નાખ્યો હતો. ઈ.સ. (1680) સુધી મરાઠી સત્તાને સૌથી શક્તિશાળી સત્તા બનાવી મુઘલ સામ્રાજયની બરાબરી કરી, શાહુ અને કોલકાપુર વચ્ચેના ઝઘડાને પરિણામે મરાઠી સરકારમાં પેશ્વાપ્રથા નામની એક નવી જ વ્યવસ્થાનો જન્મ થયો અને પેશ્વા હવે મરાઠી સત્તાના કેન્દ્રમાં આવ્યા .
- મરાઠાના પ્રથમ પેશ્વા બાજીરાવો ઘેરીલા યુદ્ધથી મુઘલ સત્તા વિરુદ્ધ સફળતા પ્રાપ્ત કરી માળવા, ગુજરાત અને બુંદેલે ખંડ સુધી પોતાનો સામ્રાજય વિસ્તાર્યું. ત્યારબાદ બાજીરાવના પુત્ર નાનાસાહેબે પણ મરાઠા સામ્રાજયના વિસ્તારમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. પાણીપતના ત્રીજી યુદ્ધમાં 28,000 મરાઠા સેનિ કોનું મૃત્યુનો સમાચારથી આઘાત પામી તેઓનું મૃત્યુ થયું. ત્યાર પછી સવાઈ માધવરાવ મરાઠા શક્તિનો શક્તિશાળી નેતા બન્યો. અંગ્રેજો એ શક્તિશાળી રીત અપનાવી મરાઠાશક્તિને પડકારી ત્રણે યુદ્ધ કર્યા. તેમાંના ત્રીજા મરાઠા વિગ્રહમાં મરાઠાઓ હાર્યા અને પેશ્વપ્રથાનો અંત આવ્યો.

### 5. કર્ણાટક વિગ્રહોની સમજૂતી આપો.

- કર્ણાટક નો નવાબ હૈદરાબાદના નિઝામના આધિપત્યમાંથી મુક્ત થવાની ઈચ્છા રાખતો હતો. મુઘલ શહેનશાહ બહાદુરશાહે કર્ણાટકના નવાબ તરીકે સઆદતઉલ્લાખાનની નિમણૂક કરી હતી. થોડા સમય પછી તેણે પોતાના ભત્રીજા દોસ્તઅલીને નિઝામની મંજૂરી વગર કર્ણાટકનો નવાબ નીમી દીધો. તે ઈ.સ. 1740માં મરાઠાઓ સાથેના યુદ્ધમાં અવસાન પામ્યો. વિજેતા મરાઠાઓએ તેના પુત્ર સફદરઅલી સાથે સંધિ કરી. પરંતુ, અવિશ્વાસ સર્જાતાં તેની પણ હત્યા કરવામાં આવી.

- થોડા સમયમાં જ કર્ણાટકના નવાબપદનો પ્રશ્ન અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચેના સંઘર્ષનું કારણ બન્યો. તેનાં પરિણામે કર્ણાટક વિગ્રહો થયા અને ભારતમાં ફ્રેન્ચ સત્તાનો અંત આવતાં અંગ્રેજો સર્વોપરી બન્યા .